નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૨૦૧૯/૦૩
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. /૧૨/૨૦૧૮.
૦૧/૦૧/૨૦૧૯

## // પરિપત્ર //

**વિષય: ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારો ધ્વારા કબજો આપ્યા તારીખથી ૩ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવામાં આવે એ સંજોગોમાં બેલેન્સ કેપિટલના ૩% રીબેટ આપવા બાબત**

૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારો ધ્વારા કબજો આપ્યા તારીખથી ૩ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવામાં આવે એ સંજોગોમાં બેલેન્સ કેપિટલના ૩% રીબેટ આપવા બાબતે નિગમની તા.૧૧/૧૨/૨૦૧૮ના રોજ યોજાયેલ ૫૦૨મી સભામાં કાર્યસુચિ ક્રમાંક:૫/હિસાબ/૫૦૨ નિર્ણય અર્થે સાદર કરવામાં આવેલ. જેમાં ઠરાવ્યા મુજબ,

તા.૦૧/૦૧/૨૦૧૭ અને ત્યારબાદ ફાળવવામાં આવનાર ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારો દ્વારા પ્લોટ/શેડનો કબજો આપ્યા તારીખથી ત્રણ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવામાં આવે એ સંજોગોમાં જે તારીખથી ઉત્પાદન શરૂ કર્યાનું ફલિત થાય એ તારીખના રોજથી ખાતેદારોના હપ્તાના પત્રકમાં બાકી રહેતી બેલેન્સ કેપીટલની રકમના ૩% રીબેટ આપવાનું નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

(૧) ઉપરોક્ત ફાળવણીદારો ધ્વારા પ્લોટ/શેડનું ફુલ પેમેન્ટ કર્યા બાદ ૩% રીબેટ રીફંડનો હુકમ પ્રાદેશિક મેનેજરશ્રી/વિભાગીય પ્રબંધકશ્રી ધ્વારા જારી કરી ચુકવણી અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) પ્લોટ/શેડના ફાળવણીદારો ધ્વારા પ્લોટ/શેડનો કબજો આપ્યા તારીખથી ત્રણ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવા બાબતે આધાર પુરાવા રજુ કરવામાં આવે તે તારીખથી દિન ૧૫ માં સંબંધિત RM/DM ધ્વારા સ્થળ તપાસ કરી રીબેટ રીફંડ અંગેનો હુકમ કરવાનો રહેશે.

(૩) જો કોઈ કિસ્સામાં જે ફાળવણીદાર ધ્વારા ફાળવણી કિંમતની પૂરેપૂરી રકમ ડાઉનપેમેન્ટ સાથે ભરપાઈ કરી તાત્કાલિક ઉત્પાદન શરૂ કરી શકે તેવી સ્થિતિમાં હોય તો, તેવા કિસ્સામાં ડાઉનપેમેન્ટ બાદની રકમ Balance Capital તરીકે ગણવાની રહેશે.

(૪) આ ઉપરોક્ત નિતિ વાણિજ્યક પ્લોટ અને રહેણાંક પ્લોટને લાગુ પડશે નહી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧. નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ.
૨. પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
૩. નિગમના તમામ ઔદ્યોગિક વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. મેનેજરશ્રી (એસએન્ડએ) જી.આઇ.ડી.સી. ગાંધીનગર.. તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ

મેનેજર(મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર.